# Telephonic conversation between Prime Minister and Prime Minister of Ethiopia

May 06, 2020

## વડાપ્રધાન અને ઈથિઓપિયાનાં વડાપ્રધાન વચ્ચે ટેલીફોન પર વાતચીત

મે 06, 2020

આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ફેડરલ ડેમોક્રેટિક રીપબ્લિક ઑફ ઈથિઓપિયાનાં વડાપ્રધાન મહામહિમ ડૉ. એબિય અહમેદ અલી સાથે ફોન પર વાત કરી હતી.

વડાપ્રધાને ભારત અને ઈથિઓપિયા વચ્ચેનાં નજીકનાં જોડાણો અને બન્ને રાષ્ટ્રો વચ્ચે અદ્ભૂત વિકાસ ભાગીદારી યાદ કરી હતી.

બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારીથી આવી પડેલા સ્થાનિક, પ્રાંતિય અને વૈશ્વિક પડકારો પર ચર્ચા કરી હતી અને આરોગ્યની કટોકટી દરમિયાન એકબીજા સાથે એકતા વ્યક્ત કરી હતી.

વડાપ્રધાને મહત્વની દવાઓ પૂરી પાડવાની ખાતરી અને મહામારીની આર્થિક અસર દૂર કરવા માટે ઈથિઓપિયાને ભારતનાં સહકારની ડૉ. અબિય અહમેદ અલિને ખાતરી આપી હતી.

ભારતનાં લોકો વતી અને પોતોનાં વતી વડાપ્રધાને ઈથિઓપિયાનાં લોકોને કોવિડ-19 સામેની લડાઈમાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

**નવી દિલ્હી**
**મે 06, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.